# છાપરા પર પાંખો

'મંજુ, એય મંજુ ઊઠ... મંજુ ઊઠ જલદી.'

મંજુની ભ્રમરો ખેંચાઈ અને ઢળેલાં પોપચાં તળેની કીકી સળવળી. બેઠાં થતાં એને શ્રમ પડ્યો. ખોળામાં બે હાથનો ખોબો બનાવી બેઠે બેઠે ઊંઘતી રહી. આદત મુજબ થોડી થોડી વારે હાથનો ખોબો ઊંચોનીચો થઈ જતો.

'મંજુડી, ઊઠે છે કે નહીં? તારી મા ક્યાં મરી ગઈ?' શબ્દોની થપાટ એના કાનમાં વાગી અને મંજુની આંખો ખૂલી ગઈ. એણે જોયું કે, ઉઘાડા દરવાજાથી સાપની જેમ સરકતો આછો પ્રકાશ એનાથી બે વેંત છેટો પહોંચી ગયો હતો, જેને જોઈને ઘરનું અંધારું ઉંદરની જેમ ખૂણામાં ઢગલો થયેલા સામાન પાછળ ભરાઈને ડોકિયાં કાઢતું હતું.

એના ઘરમાં બાજુવાળી રમીલાકાકી ખભા અને કાન વચ્ચે મોબાઈલ ભરાવી, વાંકી ડોક કરીને એક એક ડબ્બા ફંફોસીને એનો ઘા કરતી હતી. મંજુએ હોઠના કિનારેથી નીતરતી લાળ પર બણબણતી માખી ઉડાડી, જે એના નાક પર જઈ બેઠી. આમતેમ હાથ વીંઝતી મંજુ પર રમીલાએ ઘા કરેલા ડબ્બાનું ઢાંકણું અથડાયું અને ખાલી ડબ્બો ઊછળીને એના ખોળામાં પડ્યો. ડબ્બાની ફાટેલી ધાર જોઈને મંજુને એની માના કપાળ પરનો લિસોટો યાદ આવ્યો. બહુ વખત પહેલાં જ્યારે એની મા અડધી રાતે ભાગી ગયેલી ત્યારે મારી-ઝૂડીને લોકો પકડી લાવેલા. જયુના મનુમામાએ સળિયાથી મારેલી ત્યારે કપાળથી કાન સુધી લંબાયેલા લિસોટાનો ઘા રૂઝાયો તો હતો, પણ એનો ડાઘ એમનેમ રહેલો.

ગાળો બોલતી રમીલાકાકી ખૂણામાં ઢગલો કરેલાં કપડાં ફેંદવા લાગી અને મંજુ ઊભી થઈને દરવાજા પાસે આવી. દરવાજાથી સીડી વચ્ચેની જગ્યા પર ચાર પગ ફેલાવીને કાળી બિલાડી પડી હતી, જે મંજુને જોઈને આળસ મરડી ઊભી થઈ.

'કવ તો છું ભાગી ગઈ, કીધું'તું ને કે એન દબાઈન... હવ મનુડાને તો...' વાસણોના અવાજમાં તૂટક શબ્દો સંભળાયા.

ગટરની પાસેના પાટા પરથી એક સુપરફાસ્ટ ટ્રેન દોડતી હતી. મંજુ એના ડબ્બા ગણવા લાગી પણ ચારેક ડબ્બા ગણ્યા ત્યાં તો પેલી કાળી બિલાડી એના પગમાં ભરાઈને શરીર ઘસવા લાગી અને મંજુ એને હટાવવામાં પડી. સીડી ઊતરતાં મંજુને મા સાથેનો એક સંવાદ યાદ આવ્યો અને એ ઊભી રહી ગઈ.

'મા, આ ટ્રેન ક્યાં જાય છે?'

'દૂર.'

'દૂર એટલે કેટલે દૂર?'

'જ્યાં આપણે ના પહોંચી શકીએ તેટલે.'

'આ ટ્રેનમાં બેસીએ તો પહોંચી જવાય?'

'હા.'

'આ ટ્રેન ક્યારે ઊભી રહે? એમાં ક્યારે બેસાય?'

'જ્યારે તું એના બધા ડબ્બા ગણી લે ત્યારે.'

એ વિચારી રહી - માએ ક્યારે બધા ડબ્બા ગણ્યા, મને કહ્યું પણ નહીં.

મંજુ જયુના ઘરની અડોઅડ બાંદરા સ્ટેશનથી બાંદરા વેસ્ટ તરફ જતા બ્રિજ પરથી થોડાઘણા લોકોને કામે ભાગતા જોઈ રહી અને 'ભાગી ગઈ, ભાગી ગઈ...' બબડતી એના અર્થને સમજવા મથી રહી. થોડી વાર રહીને એ સીડી ઊતરવા લાગી. સામે જ્યાં નજર જાય ત્યાં સુધી ફેલાયેલા કચરાના ઢગલામાં ખુલ્લા પગે પસાર થતી વખતે એણે વિચાર્યું કે મા પણ અહીંથી

જ પસાર થઈ હશે? જોકે માના પસાર થયાનાં કોઈ એંધાણ ત્યાં એને મળ્યાં નહીં, આમેય કચરામાં કચરા સિવાય શું મળે...એ ગટરની પાળી પર લેગીન્સ કાઢીને બેઠી. ઘડીક જયુના તો ઘડીક પોતાના ઘરના દરવાજા આગળ તાકી રહી. બંને ઉઘાડા દરવાજાની અંદર એ જ જૂનું અંધારું દેખાયું. જયુના ઘરમાંથી ઉઘાડા શરીરે મૉન્ટી આવીને દરવાજે ઊભો રહ્યો અને મંજુ તરફ જોઈને બ્રેડના ડૂચા ભરતો હતો. મંજુ લેગીન્સ ચઢાવી જમણી બાજુ ચાલવા લાગી. એણે જોયું કે આસપાસના ઘરમાંથી નીકળીને સ્ત્રીઓ એના ઘરની સીડીઓ ચઢતી હતી.

મંજુ આગળ જતાં ગટરની ડાબી બાજુએ આવેલી બે મોટી પાઇપની વચ્ચે બનાવેલા કબૂતરના કબાટ પાસે આવી. જયુએ કબાટ ઉઘાડી દીધેલું અને કબૂતરો એની આજુબાજુ ઊડાઊડ કરતાં હતાં.

‘કેમ આજે બ્રિજ પર ન આવી.’

‘મારી મા ભાગી ગઈ.’ બોલતી વખતે જરા સરખો પણ સંકોચ એની જીભને નડ્યો નહીં.

‘સારું થ્યું નો આવી, આજે ઑફિસું બંધ હતી, મૉન્ટી કેતો’તો આજે બુધ ભગવાનની પૂર્ણિમા છે એટલે.’

‘કેટલા મળ્યા?’

‘બાવીસ... પણ ઘરમાં પંદર જ આપ્યા.’

બેઉ એકબીજાને જોઈને હસ્યાં, પછી તાળી આપી.

એક સફેદ કબૂતર મંજુ પાસે આવીને બેઠું. મંજુએ એને પકડીને વહાલ કર્યું. એક બિલાડો એકાએક નજીક આવી ગયેલો જોઈને જયુએ એને લાકડી ફટકારી.

મંજુએ હાથ ઊંચા કરી કબૂતર ઉડાડ્યું પણ કબૂતર થોડું ઊડીને પાછળ પાઇપ પર જઈ બેઠું.

‘તે શર્ટ કેમ કાઢી નાખ્યું?’

‘બઉ ગરમી લાગે છે, તને નથી લાગતી?’

મંજુએ હા-માં માથું ધુણાવ્યું.

'તો કાઢી નાખ તું પણ...'

મંજુ ટી-શર્ટ કાઢવા જ જતી હતી ને એવામાં પાછળ કોઈએ જોરદાર ધબ્બો માર્યો હોય એમ એ હચમચી ગઈ. એક વાર સવારે ગટર પાસે સંડાસ કરવા ગયેલી ત્યારે ગટરના ખદબદતા કચરામાં જોયેલું રેશમાનું કપડાં વગરનું લોહીલુહાણ શરીર એની આંખો સામે આવી ગયું. એણે જ તો બૂમો પાડીને બધાને ભેગા કરેલા. ત્યાર પછી તો લગભગ છએક મહિના સુધી દિવસ-રાત પોલીસ આંટાફેરા કર્યા કરતી. માએ તો બ્રિજ પર ભીખ માગવા પણ જવાની ના પાડેલી અને મૉન્ટીથી તો દૂર જ રહેવા કહેલું. એણે માને બીજી સ્ત્રીઓ સાથે વાત કરતાં સાંભળેલી કે રેશમાનો રેપ અને હત્યા પાછળ પાંચ-છ લોકો હતા જેમાંથી એક મૉન્ટી અને એના મનુમામા પણ હતા.

મનુમામા તો પાછા ક્યારે આવ્યા નહીં કે પછી આવેલા? - મંજુ વિચારવા લાગી.

'મનુ બસ કર... મનુ જા હવે...' અડધી રાતે મા કણસતાં આવું બોલતી, પણ મંજુ એની પથારીમાંથી હલી શકતી નહીં.

મંજુએ ટીશર્ટ સરખું કર્યુ એવામાં સામેથી મૉન્ટી આવ્યો.

'એય...જયુ, આ કબૂતરોને પકડી લાય.'

જયુએ એક કબૂતર પકડીને મૉન્ટીને આપ્યું. મૉન્ટીએ ખિસ્સામાંથી કાતર કાઢી. જયુએ કબૂતરની પાંખ પકડી અને મૉન્ટીએ પાંખની નીચેના પીંછા કાપવા માંડ્યા.

મંજુ ભડકીઃ 'જયુ છોડ એને... એ મારું કબૂતર છે.'

'તારું ક્યારથી થઈ ગયું?' મૉન્ટીએ પાંખ કાપતાં કહ્યું.

'મને ગમે છે એ કબૂતર.'

'આ તો ખાલી પાંખ જ કાપું છું એટલે બહુ ઊડી ના શકે. હજુ એને ખાવાની તો વાર છે.' પછી જયુ અને મૉન્ટી બેઉ હસ્યા.

મંજુ પાઇપ કૂદીને દોડી ગઈ.

પતરાનાં ઘરો વચ્ચેની અંધારી ગલીઓમાંથી નીકળીને મંજુ રિક્ષાસ્ટેન્ડ આગળ આવી. સલમા ટેબલ નાખીને સિગારેટનાં પૅકેટ અને ચૉકલેટનો ડબ્બો લઈને બેઠી હતી.

'મંજુડી, તું અહીંયાં છે? પણ મેં તો હાંભળ્યું કે તારી મા નાસી ગઈ? અલી, તને મેલીને નાસી ગઈ?'

એણે તમાકુમાં ચૂનો ભેળવ્યો અને ઘસવા લાગી. 'એકલી ભાગી ગઈ કે કોઈની હારે?' પછી તમાકુ પર હાથ મારીને ઉડાડતા બોલીઃ 'તને મરવા મેલતી ગઈ એમ?'

'પણ તું ચિંતા નો' કર. રમલી હાચવશે તને. આખરે લોહી તો...'

તમાકુ મોઢામાં દાબીને એક ચૉકલેટ એની સામે ધરી અને પછી ગ્રાહકોને સિગારેટ આપવામાં અને લાઇટરથી સળગાવી આપવામાં વ્યસ્ત થઈ ગઈ.

મંજુના મગજમાં 'મને એકલી મેલીને નાસી ગઈ?' વાક્ય પડઘાવા લાગ્યું. મંજુને હજુ પણ એવું જ લાગતું હતું કે એની મા કલાનગરના સિગ્નલથી પાછી આવશે અને 'મંજુ, ચલ ખાવા.' કહીને એને ઘેર લઈ જશે.

મંજુ ત્યાં બેઠી બેઠી કચરામાં પડેલી કાળી પોલીથિનની થેલીઓને જોતી બેઠી રહી. કચરામાં દબાયેલી થેલીઓ જરા સરખી હવાથી ફરફરી ઊઠતી પણ ઊડી ન શકતાં હાર માનીને ફરી ઢળી પડતી.

જયુએ બ્રિજ પરથી મંજુને બૂમ મારી. મંજુ ત્યાં ગઈ તો રમીલાકાકીએ સફેદ ગૂણી મંજુને પકડાવી અને કહ્યુંઃ 'મંજુડી, અહીંથી છાપરા પર ઊતર અને ત્યાં જેટલી પ્લાસ્ટિકની બૉટલો દેખાય છે એ ભેગી કરી લે. બીજી કોઈ હારી વસ્તુ દેખાય તો ઇયે લઈ લેજે.'

મંજુ બ્રિજનો હાથો ઓળંગી છાપરા પર ઊતરી. ભરતડકાથી તપી ગયેલાં પતરાંનાં છાપરાં પર ઊતરતાં એના પગ દાઝ્યા.

બ્રિજને અડોઅડ આવેલાં ઘરનાં છાપરાં પર આવતા જતા લોકો બૉટલો, થેલીઓ, પાનની પિચકારીઓ કે પછી જે કચરો હોય એ નાખી જતા. લગભગ બધાં જ ઘરનાં છાપરાં પર, કોહવાઈ ગયેલા તારપોલીન પર મણ મણનો

કચરો જમા થયેલો. મંજુ તો બૉટલો વીણતી જાય અને ગૂણીમાં ભરતી જાય. ઊંચાં-નીચાં છાપરાં પર ભૂસકા મારીને બૉટલો જમા કરતાં એને એક કટાઈ ગયેલો સળિયો મળ્યો. એક હાથમાં સળિયો અને બીજા હાથમાં ગૂણી ઊંચકીને બે બ્રિજ વચ્ચેનાં ઘરનાં બધાં જ છાપરાં પર ફર્યા પછી એ પાટા તરફના પોતાના ઘરના છાપરે ચઢી.

છાપરા પર ઊભાં રહીને એણે આખું બાંદરા સ્ટેશન જોયું. દૂરથી આવતી પવનની લહેરથી એના પસીનાવાળા ચહેરાને ટાઢક વળી. નમતી સાંજનો તડકો એના ચહેરા પર ફેલાઈ ગયો. સુપરફાસ્ટ ટ્રેન એને આવતી દેખાઈ. આ વખતે એના ડબ્બા ગણવાનો એણે મનોમન નિશ્ચય કર્યો. ફરી પાછી ક્યાંકથી કાળી બિલાડી એના પગમાં આવીને ભરાઈ. મંજુએ એક પળનો પણ વિલંબ કર્યા વગર, પગ સરકાવીને કટાઈ ગયેલો સળિયો મારીને બિલાડીને નીચે ફગાવી દીધી.

ધીમી પડેલી ટ્રેનના લગભગ બધા જ ડબ્બા દૂરથી એ ગણી શકી.

મંજુએ જોયું કે એ જ્યાં ઊભી હતી ત્યાં એના પગ તળે એની માની સાડી ફેલાયેલી પડી હતી. તડકામાં એ સાડી થોડી કોહવાઈ ગયેલી અને એના પર ધૂળ અને કચરો જમા થયેલો. મંજુએ સાડીને ખેંચી લીધી, હાથથી ઝાટકીને સાફ કરી અને પોતાની પીઠ પાછળ પાંખોની જેમ પહેરીને બે હાથ ફેલાવી ઊભી રહી. ફૂંકાતા પવનથી સાડીમાં જાણે નવચેતન આવ્યું હોય એમ સાડી ફરફર લહેરાવા લાગી.

બાંદરા સ્ટેશનનો સમગ્ર પરિસર જાણે સ્થિર થઈને મંજુ તરફ તાકી રહ્યો. સ્ટેશન અને પોતાના ઘરની વચ્ચે ફેલાયેલો કચરો લાચાર દર્દીની માફક મંજુને મૂક સંદેશ આપી રહ્યો. મંજુએ આંખો બંધ કરીને સૂરજના નરમ પડેલા તડકાનાં છેલ્લાં કિરણોની ગરમી અનુભવી. હૂઉઉઉઉ... કરતા પવન પસાર થયાના ભણકારા એના કાન પર ઝિલાયા. એની બંધ આંખોમાં એને કચરાનો ભાર ખંખેરી ઊડી જતી કાળી પોલીથિનની થેલી દેખાઈ.

'એય મંજુડી ઊઠ...' ફરી આ શબ્દોની થપાટ વાગી અને મંજુ બરાબરની જાગી.

ક્યારેય ન ઊભી રહેતી ટ્રેન કોઈક કારણસર આજે ધીમી પડી અને બાંદરા સ્ટેશન પર ઊભી રહી ગઈ. મંજુ જાગી જ નહીં, પણ ભાગી. સફેદ ગૂણી અને કટાઈ ગયેલો સળિયો એણે છાપરેથી ફગાવ્યાં અને સાડીની પાંખો પહેરી છાપરા પર હરણીની જેમ કૂદતી-દોડતી મંજુએ છાપરાં વટાવ્યાં, છાપરાં પરનો કચરો વટાવ્યો, બ્રિજનો હાથો વટાવ્યો, લાંબા બ્રિજ પર 'ઊડી ગઈ, ઊડી ગઈ...' ની બૂમો મારતી દોડવા લાગી.

રિક્ષાસ્ટૅન્ડ આગળ બેઠેલી સલમાએ ઊંચે જોયું અને એના ખોબામાં ચોળાયેલું તમાકુ પવનની થપાટે ઊડવા લાગ્યું. કબાટમાં પુરાયેલાં કબૂતરોએ પાંખો ફફડાવી. કચરામાં ઉઘાડા શરીરે ઊભેલા મૉન્ટીએ મંજુની બૂમો સાંભળી બ્રિજ તરફ દોડવા માંડ્યું.

દોડતી મંજુની હડફેટે ચઢી ન જવાય એની તાકીદ લેતી પબ્લિક એના રસ્તેથી હટવા લાગી. બ્રિજ પર જયુના માથે લોહીવાળો પાટો બાંધીને, એને ખોળામાં સૂવડાવીને ભીખ માંગતી રમીલાકાકી દોડતી મંજુને જોઈને કંઈ સમજે એ પહેલાં જ મંજુ દૂર જતી ટ્રેનમાં ઊડી ગઈ હતી.

*('નવનીત સમર્પણ', ડિસેમ્બર, ૨૦૨૩)*

■

# ચહેરા વિનાનું શરીર

મારી આંખો કોઈ કાલ્પનિક વિશ્વમાં ઘટી રહેલી ઘટના પર મંડાઈ હતી. મેં જોયેલા અસંખ્ય પોર્ન વિડિયોમાં આવતાં ઉત્તેજક અને જુગુપ્સાપ્રેરક દૃશ્યોનાં ટુકડાંઓ જિગ્સૉની માફક ગોઠવાઈને મારી કલ્પનામાં ભજવાઈ રહ્યાં હતાં. એક પુરુષનું અને એક સ્ત્રીનું નગ્ન શરીર એકમેકમાં સંયોજાઈને અસીમ આનંદનો અનુભવ કરાવી રહ્યું હતું, જેના પરિણામ સ્વરૂપ મારો હાથ બમણા જોરે પોતાનું કામ કરી રહ્યો હતો. કલ્પનામાં દેખાઈ રહેલા પુરુષનો ચહેરો મારો પોતાનો જ હતો, જ્યારે સ્ત્રીનો ચહેરો ઘડીકમાં એન્જેલિનાનો, તો ઘડીકમાં માયરાનો, તો ઘડીકમાં લ્યુસીનો તો ઘડીકમાં... એમ પાનાંની જેમ પલટાઈ રહ્યો હતો. સતત પૉર્ન વિડિયો જોવા ટેવાયેલી મારી આંખોમાં છેલ્લા દોઢેક વરસથી ન જાણે કેટલીય છોકરીઓના ચહેરાઓ સ્ટોર થઈ ગયેલા હતા, જે હવે એક-એક કરીને મારા દૃશ્યપટલ પર ઊપસી આવતા હતા.

ઝીરોના બલ્બ જેવા મામૂલી પ્રકાશમાં, બેડ પર નિર્વસ્ત્ર થઈને હું માસ્ટરબેશન કરી રહ્યો હતો. મારા શરીરમાં ગરમી વધી રહી હતી. અલગ અલગ પોઝિશનમાં સેક્સ કરતાં કપલનાં દ્રશ્યો ચાલી રહ્યાં હતાં. સ્ત્રીના ચહેરામાં આયુષી, તારા અને કૉલેજની બીજી ઘણી છોકરીઓના ચહેરા આવીને જતા રહ્યા હતા. હવે, ગઈ કાલે કૉલેજમાં જોયેલી પેલી લાંબા વાળ અને ઝીરો ફીગરવાળી મિશાનો ચહેરો દેખાઈ રહ્યો હતો. મારી કલ્પનામાં હું પોતાને જ અલગ અલગ છોકરીઓનાં શરીર સાથે સેક્સ માણતો જોઈને ઉત્તેજિત થવાના ઠાલા પ્રયત્નો કરી રહ્યો હતો.

એવામાં એ સ્ત્રીનો ચહેરો અસ્મિતાના ચહેરામાં પલટાઈ ગયો અને

માસ્ટરબેશન કરતો મારો હાથ ધીમો પડ્યો. પલંગ પર ઉઘાડા પડેલા મારા શરીરમાં પુષ્કળ વેગે વહેતા લોહીની ગતિ ધીમી પડી અને શ્વાસ હેઠો બેઠો.

કલ્પનામાં દેખાતું સેક્સ દૃશ્ય ઝાંખું પડવા લાગ્યું. છેલ્લી ઘણી રાતોની જેમ આજે પણ મારો હાથ ધીમે-ધીમે ચાલતો બંધ થયો. પસીનો એસીની હવામાં સુકાતો ગયો અને મારી આંખો કલ્પનાની દુનિયામાંથી સ્વપ્નપ્રદેશમાં પટકાઈ.

'જો અનંત, હું સમજી શકું છું તારી પીડા. અસ્મિતા સાથેના બ્રેકઅપ પછી તારું આ ડિપ્રેશન તને અંદરથી ખોખલો કરી નાખશે. મારી વાત માનતો હોય તો તું તારું ભાડા પરનું ઘર છોડ અને મારી સાથે રહેવા આવી જા. તારા ભાડા પરના ઘરમાં તું એકલો ને એકલો કટાઈ જઈશ.' - સુમિતના શબ્દો.

'એ સાલા હરામખોર, (ગાળ), ડુક્કરની જેમ જ્યાં ત્યાં મોઢું મારવાનું બંધ કર. કેટલી છોકરીઓને તારી હવસનો શિકાર બનાવીશ (ગાળ)...' - વિવેકના શબ્દો.

'સેક્સ માટે આમ તરફડિયાં મારવાનું બંધ કર. સેક્સ સિવાય પણ આ દુનિયામાં ઘણું બધું છે અનંત... તને સાચે જ કોઈ સ્ટેબલ રિલેશનશિપની જરૂર છે. તને એક સાચા પ્રેમની જરૂર છે.' - આયુષીના શબ્દો.

'...આને હાઇપર સેક્સુઅલ ડિસઑર્ડર કહેવાય છે અને આવી વ્યક્તિઓને 'સેક્સ મેનીઆક' કહે છે. આમાં વ્યક્તિ પોતાની જાતને તો નુકસાન કરે જ છે, પણ ક્યારેક ક્યારેક બીજાને પણ નુકસાન કરી બેસે છે. એટલે ગમે તે રીતે તને પૉર્નોગ્રાફીની દુનિયામાંથી બહાર આવવાની જરૂર છે. પૉર્ન અમે પણ જોઈએ છીએ, પણ તારી જેમ આખા દિવસ-રાત નહીં. તું કહેતો હોય તો આપણે ડૉક્ટરને કન્સલ્ટ કરીએ...' -નિકુંજના શબ્દો.

અને છેલ્લે...

'ધીસ રિલેશનશિપ હૅઝ નો ફ્યુચર અનંત. યુ નો, માય ફૅમિલી ઇઝ ઑર્થોડોક્સ. ધે વિલ નોટ એક્સેપ્ટ ધીસ રિલેશન, સો બેટર વી શૂડ સ્ટૉપ હિયર ઍન્ડ મૂવ ઑન...'- અસ્મિતાના શબ્દો.

અલગ અલગ લોકોના શબ્દો વંટોળની જેમ મારી આસપાસ ચકરાવા લઈને મને અથડાયા કરતા હતા. હું હવામાં આમતેમ હાથ વીંઝતો હતો,

પણ અસ્મિતાના શબ્દો મારા કાનને ચીરી નાખવાની હદ સુધી પહોંચી ગયા હતા. એકાએક બે હાથ કાન પર ઢાંકીને મારાથી ભયાનક ચીસ નીકળી ગઈ અને હું એક ધક્કા સાથે બેડમાં બેઠો થઈ ગયો.

મારી ચીસ હવાને ભેદીને હવામાં જ વીખરાઈ ગઈ. મેં ફાટેલી આંખોથી આસપાસ જોયું. હવે, હું સ્વપ્નપ્રદેશમાંથી વાસ્તવિક જગતમાં આવી ચૂક્યો હતો. એવું જગત, જ્યાં છેલ્લા ઘણા સમયથી રહેવું મારા માટે અસહ્ય થઈ પડ્યું હતું. અહીં બધું જ નીરવતામાં લપેટાયેલું હતું; બધું વેરવિખેર થઈ ગયા પછીની નીરવતા! એસીના ઘરરરરર... ઘરરરરર... અવાજ સિવાય બધું જ ચિરનિદ્રામાં સૂતું હોય એમ પડ્યું હતું, જાણે મારી ચીસ કોઈએ સાંભળી જ ન હોય!

થોડી વાર પછી મારું મગજ ઠેકાણે પડ્યું અને મેં આજુબાજુ નજર ફેરવી. બેડ પર પડેલો મારો મોબાઇલ લીધો. પપ્પાના વીસ મિસ્ડકૉલ આવેલા... વૉટ્સઅપ પર પપ્પાનો મેસેજ હતો - અનંત, વેર આર યુ? તને કેટલા કૉલ કરવાના? કઈ દુનિયામાં છે આજકાલ? મારો મેસેજ જોઈને કૉલ કરજે અને આવનારા રવિવારની તારી મુંબઈ આવવાની ટિકિટ બુક કરી છે. અર્જન્ટ કામ છે.

મોબાઇલમાં ટિકિટ પણ હતી.

•

મારી કૉલેજ એટલે એક હૅપનિંગ પ્લેસ. ક્લાસરૂમ કરતાં વધારે કૅન્ટીનમાં કાં તો કૅમ્પસમાં અમે મળી આવતા. મોટા ભાગે હું, અસ્મિતા, નિકુંજ, સુમિત, આયુષી અમે બધાં સાથે જ હોઈએ. મારું અને અસ્મિતાનું ચક્કર આખી કૉલેજને ખબર, પણ નિકુંજ, સુમિત અને આયુષીને અમારા કાંડ પણ ખબર. અસ્મિતાનું બધાં સાથે બહુ બનતું નહીં, કારણ કે એને ઇંગ્લિશ સિવાય બીજી કોઈ ભાષા આવડતી નહીં. હિન્દી સમજી શકતી, પણ બોલી શકતી નહીં.

મારો ફ્લર્ટિંગ નૅચર અને હૅન્ડસમ હંક જેવી બૉડી ઘણી છોકરીઓને મારી તરફ આકર્ષતી, જેની મને બહુ પહેલેથી ખબર હતી. કૉલેજના શરૂ-શરૂના દિવસોથી જ અસ્મિતા મને આંખોના ખૂણેથી તાકતી. એની આંખોમાં રહેલી વ્યાકુળતા હું સમજી ગયો અને ધીમે ધીમે અમારો સંબંધ દોસ્તીનો રસ્તો છોડી નવી કેડી પર પગરવ માંડવા લાગ્યો.

આખો દિવસ અમે કૉલેજમાં કોઈક ને કોઈક ઇવેન્ટ ઑર્ગનાઇઝેશન, કૉમ્પિટિશન, પ્રોજેક્ટ વર્ક કે પછી લેક્ચર (ભાગ્યે જ!) અટેન્ડ કરવાનું કામ કર્યા કરતાં અને રાતે અચૂક નાઇટ-આઉટ કે પછી કોઈના ફ્લૅટ પર પાર્ટી... પાર્ટી પત્યા પછી હું અને અસ્મિતા મારા રૂમ પર જતાં અને પછી...

એક દિવસ ટપરી પર ચાની ગરમાગરમ ચુસકી લેતાં નિકુંજે મને પૂછેલું, 'અનંત, તને નથી લાગતું કે તું તારા અને અસ્મિતાના રિલેશનને વધારે સિરિયસલી લઈ રહ્યો છે?' મને સમજાયું નહીં, એણે આગળ કહ્યું 'ડોન્ટ ટેક ઇટ અધરવાઇઝ, પણ મને લાગે છે તું અસ્મિતાને સાચે જ પ્રેમ કરવા લાગ્યો છે જે કદાચ એકતરફી છે. હું અસ્મિતાને સારી રીતે ઓળખું છું. એ આજના સમયની બોલ્ડ અને ફાસ્ટ ફૉર્વર્ડ છોકરી છે. એ તારી સાથે ફક્ત મજા કરવા માટે છે. છ મહિના પછી કૉલેજ પૂરી થશે પછી આ રિલેશનશિપનું શું ફ્યુચર છે, તે વિચાર્યું છે?' હું કંઈ નહોતો બોલી શક્યો, કારણ કે મેં આ વિશે કોઈ વિચાર જ નહોતો કર્યો.

નિકુંજ અવારનવાર મને આ બાબતે ચેતતો હતો, પણ હું મારી મસ્તીમાં એની વાતને ઇગ્નોર કરતો રહ્યો.

કૉલેજની લાસ્ટ સેમિસ્ટરની એક્ઝામ પૂરી થયાના બીજા દિવસે અસ્મિતાએ મને સાંજે કૉફીશૉપમાં મળવા મેસેજ કરેલો. કૉફીશૉપમાં કૉફી ઑર્ડર કર્યા પછી અસ્મિતાએ મારી આંખોમાં આંખો નાખીને કહેલું 'અનંત, માય કૉલેજ જર્ની વૉઝ વેરી બ્યુટિફુલ બિકૉઝ ઑફ યુ. બટ નાઉ ધીસ જર્ની કેમ ટુ ઍન એન્ડ ...'

હું કંઈ સમજી શકું એ પહેલાં જ એણે એની આવતી કાલે કોલકતા જવાની વાત કરતાં સ્પષ્ટપણે કહ્યું 'ધીસ રિલેશનશિપ હેઝ નો ફ્યુચર અનંત. યુ નો, માય ફૅમિલી ઇઝ ઑર્થોડોક્સ. ધે વિલ નૉટ એક્સેપ્ટ ધીસ રિલેશન, સો બેટર વી શૂડ સ્ટૉપ હિયર ઍન્ડ મૂવ ઑન... '

પહેલી વખત એના આ ઇંગ્લિશમાં બોલાયેલા શબ્દો મને હાડોહાડ વાગ્યા. એની આંખોમાં આ રિલેશન પૂરા થયાનો લેશમાત્ર રંજ દેખાતો નહોતો, પણ મારા તો શબ્દો જ ખોવાઈ ગયા હતા અને કદાચ હું પણ...

કૉફીશૉપમાં બ્રેકઅપ કર્યાના બીજા જ દિવસે એ કોલકતા જતી રહી અને હું ડિપ્રેશન ફેઝમાં...

ઝાડ જેટલી સરળતાથી પાંદડું ખેરવે એટલી સરળતાથી એણે આ સંબંધને ખેરવી દીધો અને હું એ તરછોડાયેલા પાંદડાની જેમ અહીંતહીં ફંગોળાતો રહ્યો. મારા માટે આ સંબંધને ભૂલવો - અસ્મિતાને ભૂલવી, એની સાથે વિતાવેલી રાતોને ભૂલવી અઘરી હતી. હું એને ફોન પર ફોન, મેસેજ પર મેસેજ કરતો રહ્યો અને એ મને ઇગ્નોર કરતી રહી. સોશિયલ મીડિયા પર પણ એના અકાઉન્ટ ઇનઍક્ટિવ થઈ ગયા. એકાએક આવી પડેલી અવહેલનાની કાળી છાયા મારા પર ઘેરી થવા લાગી. મને અસ્મિતા સિવાય કંઈ પણ સૂઝતું નહોતું - આખો દિવસ એના જ વિચારો, એનો જ ચહેરો, એની જ વાતો મારા મગજમાં માખીની જેમ બણબણ્યા કરતી.

મારું મનોમગજ જ નહીં; મારું શરીર પણ અસ્મિતાના શરીરને ઝંખતું. અનિયંત્રિત એવા સેક્સુઅલ હૉર્મોન્સના ઊભરા આવ્યા કરતા અને મારી બેચેની વધતી જતી. ડૂબતો તરણું ઝાલે એમ એ દિવસોમાં હું પૉર્ન વિડિયોના રવાડે ચઢ્યો. પૉર્ન વિડિયો અને માસ્ટરબેશન મને થોડા સમય માટે તો થોડા સમય માટે પણ આશરો આપતાં. મારા આવેગો માસ્ટરબેશનથી થોડી વાર શાંત પડતા.

હું હવે ઘરની બહાર નીકળતો નહીં અને આખો દિવસ લૅપટૉપ પર પૉર્ન વિડિયો જોતો પડ્યો રહેતો. મને બીજું કંઈ જ સૂઝતું નહીં. મેં જિમ જવાનું, યોગ કરવાનું અને નિકુંજ કે સુમિતને મળવાનું પણ છોડી દીધું હતું. ક્યારેક એમના મેસેજ ટપકી પડતા, પણ હું તેમને ઇગ્નોર કરવા લાગેલો. આમ તો મને મારું જીવવું જ હવે ગમતું નહોતું. ક્યારેક થતું કે એક રાતે બિલ્ડિંગની અગાસી પરથી પડતું મૂકી દઉં, પણ ઘરની બહાર નીકળવાની પણ હિંમત થતી નહીં.

ઉપરાઉપરી માસ્ટરબેશન અને પૉર્ન વિડિયો જોતાં એક જ વરસમાં મને વિચિત્ર કમજોરીનો અહેસાસ થવા લાગ્યો અને મને સિગારેટ-દારૂની લત લાગી. કૉલેજ તો ક્યારનીયે પૂરી થઈ ગઈ હતી એટલે કૉલેજ જવાનો કોઈ સવાલ જ નહોતો. મુંબઈ મને જવું નહોતું એટલે પુણેની રૂમમાં મારી બેચેન જિંદગી પાંજરામાં પુરાયેલા પંખીની જેમ વીતવા લાગેલી. એવામાં એક દિવસ

પપ્પાએ આવનારા રવિવારે મને મુંબઈ બોલાવ્યો અને ટિકિટ પણ મોકલાવી.

•

કીર્તિ... એનો કૂંપળ ફૂટ્યા જેવો તાજો ચહેરો, તગતગતી આંખો, ખુલ્લા લહેરાતા વાળ અને સ્નિગ્ધ શરીર...

બીજી જ મુલાકાતમાં અમારી સગાઈ નક્કી થઈ ગઈ.

જ્યારથી પુણેની કૉલેજમાં ઍડમિશન લીધેલું ત્યારથી મુંબઈ ભુલાઈ ગયેલું. આજે લગભગ બે વરસ પછી હું મુંબઈ આવ્યો હતો. અહીં મુંબઈમાં મારા પપ્પા ઑફિસમાં સતત બીઝી રહેતા. મમ્મીને ગયે તો ઘણાં વરસ થઈ ગયેલાં. પપ્પા સાથે હું ભાગ્યે જ વાત કરતો - કામ પૂરતી અથવા પૈસા જોઈતા હોય તો. હવે તો વાત કરવાની પણ જરૂર પડતી નહીં. હું પપ્પાને વૉટ્સઍપ મેસેજ કરી દેતો અને પપ્પા પૈસા અકાઉન્ટમાં ટ્રાન્સફર કરી દેતા.

સગાઈ થયા પછી હું પુણે પાછો જવા માગતો હતો, પણ પપ્પાએ મને રોકી રાખ્યો. પપ્પાએ ઑફિસમાં રજા લીધી હોવાથી મુંબઈના આ ઘરમાં મને જોઈતું એકાંત મળતું નહીં. મારા ફાટફાટ થતા શારીરિક આવેગો મને ત્રસ્ત કરતા, પણ એને દબાવી રાખ્યા સિવાય છૂટકો નહોતો. મોટા ભાગે બાથરૂમમાં મને થોડું એકાંત મળતું, પણ એ હવે મારા માટે પર્યાપ્ત નહોતું.

આ દિવસો દરમિયાન કીર્તિ સાથે ફરવા જવાનું થતું. ગૉગલ્સની આડશે હું કીર્તિનાં સ્તનોનાં ઉભાર પર નજર ફેરવ્યા કરતો. એ જયારે લો-કટ ડ્રેસ પહેરીને આવતી ત્યારે એના ક્લીવિજને જોતા મારી અંદર સળવળાટ થતો. કીર્તિ બોલ બોલ કરતી, પણ ન તો મારું ધ્યાન કીર્તિની વાતો પર રહેતું, ન તો એના ચહેરા પર. પણ એક વાત માનવી પડે કે કીર્તિનો એની જાત પરનો કંટ્રોલ ગજબ હતો. એ મને ચુંબનથી આગળ વધવા દેતી નહીં. અને આ જ કંટ્રોલ મને કીર્તિ તરફ વધુ ને વધુ ખેંચતો એ જ રીતે જે રીતે એક સમયે હું આયુષી તરફ ખેંચાયેલો.

અસ્મિતા પહેલાં આયુષી સાથે મારી દોસ્તી થઈ હતી. હા, એ તો દોસ્ત તરીકે જ રાખતી, પણ મારા માટે દોસ્તી સંબંધની હદ નહોતી. મુંબઈથી પુણે આવ્યા પછી હું થોડા દિવસ દોસ્તો સાથે ભાડેથી રહેલો, પણ એમાં

મને જોઈતી આઝાદી મળતી નહોતી. એટલે એક દિવસ દોસ્તોનું ઘર છોડીને હું અલગથી ભાડે રહેવા ગયો.

આયુષીને હું મારા કલ્પનાનાં સેક્સસીનમાં જોયા કરતો અને ઘણી વાર આક્રમક થઈ જતો. પણ આયુષી મારી સાથે એક સેફ-ડિસ્ટન્સ જાળવી રાખતી. એક દિવસ એણે કંટાળીને સ્પષ્ટપણે એના બૉયફ્રેન્ડની વાત કરી અને મને દૂર રહેવાની સલાહ આપી.

ત્યારથી મને પોતાની જાત પર કંટ્રોલ રાખી શકતી છોકરીઓ ખૂબ આકર્ષતી.

એક સાંજે બજારમાં ફરતાં ફરતાં મને તારા દેખાઈ - તારા સક્સેના, જેણે મને સેક્સનો પહેલો અનુભવ આપેલો અને પૉર્ન વિડિયોની દુનિયા બતાવેલી.

એ વખતે હું સ્કૂલમાં હતો. સ્કૂલથી છૂટીને દોસ્તો સાથે ક્રિકેટ રમવા મેદાનમાં જતો. એ મેદાનની સામેના અપાર્ટમેન્ટમાં તારા રહેતી. દસમા ધોરણમાં ભણતો હોવા છતાં મારું શરીર ખાસ્સું એવું પરિપક્વ થઈ ગયેલું. તારા પોતાના ઘરની બારીમાંથી મને જોયા કરતી. એક દિવસ એણે મને ઇશારો કર્યો અને ક્રિકેટ પત્યા પછી હું એના ઘરે ગયેલો. બારગર્લ તારા મારાથી પંદરેક વર્ષ મોટી હશે, પણ એનો દેખાવ, એનાં કપડાંની બહાર ઊપસી આવતાં અંગો અને એનો માદક સ્પર્શ - યાદ આવતા જ મને ઝણઝણાટી આવી જતી.

એ દિવસો દરમિયાન મારાં હૉર્મોન્સ એકાએક જાગી ગયેલાં અને તારા આ જાગેલાં હૉર્મોન્સને પોતાના શરીરથી પોષતી.

તારાને બજારમાં જોયા પછી બીજા જ દિવસે હું કંઈ કીધા વગર તારાના ઘરે પહોંચી ગયો. મને આમ અચાનક આવેલો જોઈને એ પોતાનો કાબૂ ગુમાવી બેઠી. અમે બંને પોતાના આવેગોને ખુલ્લો દોર આપીને એકમેકને ઠારતા રહ્યાં. તારાનું શરીર મને ચરમસીમાએ લઈ ગયું. હું એ દિવસે તારાના ચહેરાને જોઈ શક્યો નહીં. કદાચ તારાને ચહેરો હતો જ નહીં, એને હતું તો ફક્ત શરીર અને એ શરીરમાંથી જ્વાળામુખીની જેમ ફાટતા આવેગો! એ આવેગોથી હું જકડાઈ જતો, તૂટી જતો અને ફીણ ફીણ થઈને કિનારા લગી આવી જતો.

આમ મારા દસેક દિવસ તારાના સહારે મુંબઈમાં વીતી ગયા અને હું પુણે આવી ગયો.

પુણે આવ્યા પછી મેં રાહતનો શ્વાસ લીધો. અહીં મને રોકવા-ટોકવાવાળું કોઈ નહોતું. ઑનલાઇન જમવાનું ઑર્ડર કરીને હું આખો દિવસ લૅપટૉપ પર પૉર્ન લગાવી પડ્યો રહેતો. અસ્મિતા સાથેના બ્રેકઅપ પછી મારું પૉર્ન ઍડિક્શન કોઈ રાક્ષસની જેમ વધ્યું હતું. કોઈ ફિલ્મની જેમ સતત ત્રણ-ચાર કલાક હું પૉર્ન જોઈ શકતો અને પોતાના આવેગોને શાંત કરવાનો પ્રયત્ન કરતો. પણ આ આવેગો તો દરિયાનાં મોજાંની જેમ થોડી વાર પછી પાછા ત્રાટકતા અને હું પાણી-પાણી, ફીણ-ફીણ થઈ જતો.

પુણે આવ્યા પછી મેં ઘણાં સેક્સટૉય્ઝ ઑનલાઇન મંગાવેલાં. સિલિકોનનાં અને રબરનાં બનેલાં આ સેક્સટૉય્ઝ જ મારો સહારો હતાં. હું નવા નવા પ્રકારનાં સેક્સટૉય્ઝ મગાવ્યે જતો હતો. દસેક દિવસ પછી એ સેક્સટૉય્ઝ પણ જાણે પોતાનો ચાર્મ ગુમાવી દેતાં હોય એમ નકામાં થઈ જતાં. પુણેના રેડલાઇટ એરિયામાં પણ હું જવા લાગ્યો હતો, પણ અસ્મિતા જેવો આનંદ મને કોઈ જ આપી શક્યું નહોતું.

અસ્મિતા સાથેની રાતો મને ઘણી વાર યાદ આવી જતી. એનું શરીર અને એની સેક્સટૉક - બધું વારેવારે યાદ આવતું અને મારી આંખોમાં દરિયો છલકાતો. અસ્મિતાને મેં દિલથી ચાહી હતી, એટલે જ કદાચ એની સાથેના સેક્સમાં સંતોષનો ઓડકાર આવતો. પ્રેમની છાલક અને આત્મીયતા એના આશ્લેષમાં અનુભવી શકાતાં. એના શરીરની મહેક મગજમાં અળસિયાની જેમ સળવળતી રહેતી અને મારો અજંપો વધતો રહેતો.

આજે બ્રેકઅપ થયાના દોઢ વરસ પછી હું ડિપ્રેશનમાંથી બહાર આવવાને બદલે એમાં ઊંડે ને ઊંડે ડૂબતો જઈ રહ્યો હતો. મારા ક્લાસમેટ્સ પાસઆઉટ થઈને જૉબ પર લાગી ગયા હતા. હવે કૉલેજમાં પોતાના કહી શકાય એવા કોઈ દોસ્તો બચ્યા નહોતા.

મને વરસાદના દિવસોમાં કોલેજના દોસ્તોની યાદ આવી જતી. હું, સુમિત, નિકુંજ, અસ્મિતા, આયુષી બધાં જ મોમોસ અને પનીર ભજિયાં ખાવા ટપરી પર જમા થતાં. ચા પીતાં પીતાં કૉલેજના પ્રોફેસરોની મજાક ઉડાવતાં. રસ્તા

પરથી પસાર થતી છોકરીઓને લોકો તાક્યા કરતા, પણ હું તો સ્કેન કરી શકતો. મારી આંખો એટલી તીક્ષ્ણ બની ચૂકેલી કે એ સામે ઊભેલી છોકરીનાં કપડાં ચીરીને શરીર જોઈ શકતી!

ધોધમાર વરસાદમાં હું અસ્મિતાને ચીપકીને ઊભો રહેતો. એના ભીના અને શરીરને ચોંટી ગયેલાં કપડાં જોઈને મારી અંદર તોફાન આવતું અને એ તોફાનમાં અમે બંને એકબીજાને રાતભર તહેસ-નહેસ કરી નાખતાં...

છ મહિના પછી મારા અને કીર્તિનાં લગ્નનું મુહૂર્ત આવ્યું હતું. એ છ મહિનામાં હું બે કે ત્રણ વખત જ મુંબઈ આવ્યો હતો. અહીં પુણેના મારા રૂમમાં મારું પૉર્ન ઍડિક્શન સીમા વળોટી ચૂક્યું હતું. એટલા પૉર્ન વિડિયો હું જોઈ ચૂકેલો કે આંખો બંધ કરતાં જ પૉર્ન વિડિયો આપોઆપ મારી નજર સામે ચાલુ થઈ જતો. પૉર્ન વિડિયોની એટલી હદ સુધી હું પહોંચી ગયો હતો કે હવે એમાં આવતી મૉડેલ્સનાં ચહેરા મને દેખાતા નહીં. મને ફક્ત એમનું ચમકતું અને ભરાવદાર શરીર જ દેખાતું.

•

આજે હું અને કીર્તિ ફર્સ્ટ નાઇટ માટે સજાવેલા હોટેલના હનીમૂન સ્વીટમાં છીએ. છેલ્લા બે દિવસથી લગ્નનાં રીતિરીવાજોમાં વ્યસ્ત રહેવાને લીધે મને સેક્સની પ્રબળ ઇચ્છાઓ ભરડામાં લઈ રહી હતી, પણ આજે એ ઇચ્છાઓની પૂર્તિની મધુર ક્ષણ આવી પહોંચી છે. જે કીર્તિના આછા ગુલાબી શરીર સાથે પોતાના કાલ્પનિક જગતમાં હું ઘણી વાર સેક્સ માણી ચૂક્યો છું એ જ કીર્તિના શરીરને આજે વાસ્તવિક જગતમાં માણવા મળશે એ કલ્પનાથી મારાં રૂંવાડાં ઊભાં થઈ ગયાં છે.

બેડ પરના સફેદ ઓછાડ પર ગુલાબની પાંદડીઓથી દિલ ચીતરેલું છે. ટમટમ બળતા દીવાઓનો પ્રકાશ રૂમમાં વેરાયો છે. ઍરફ્રેશનરની સુગંધ વાતાવરણને ઓર નશીલું બનાવી રહી છે. રૂમના કોઈ ખૂણેથી ધીમા અવાજે રોમૅન્ટિક ઇન્સ્ટ્રુમેન્ટલ મ્યુઝિક વાગી રહ્યું છે અને આ બધાની વચ્ચે મારા શરીરમાં સેક્સના તણખા ચિનગારીનું રૂપ લઈ રહ્યા છે.

થોડી વાર પછી કીર્તિ વનપીસ પહેરીને બાથરૂમમાંથી બહાર આવે છે. મારી

આંખો એના શરીરને સ્કેન કરે છે, પણ કીર્તિના ચહેરાને જોઈ શકતી નથી. એ તો કોઈ શિકારીની જેમ એનો શિકાર કરવા તડપી રહી છે. કીર્તિ જેમ જેમ મારી નજીક આવતી જાય છે તેમ તેમ મારી અંદર ગરમી વધતી જાય છે. મારો હાથ મારી ઉઘાડી ટ્રીમ કરેલી છાતી પર માદકતાથી ફરે છે. હવે કીર્તિ મારી એકદમ નજીક આવી ગઈ છે. હું એના મલાઈદાર હોઠને ચૂમી રહ્યો છું. કીર્તિનો એક હાથ મારી છાતી પર ઉત્તેજિત કરવાની અદાથી ફરી રહ્યો છે. એકાએક મારી અંદર સેક્સનું રાની પશુ જાગી જાય છે અને હું કીર્તિને ઊંચકીને પલંગ પર પટકું છું. કીર્તિ કંઈ સમજી શકે એ પહેલા જ હું એના શરીરને કાબૂમાં લઈ લઉં છું. કીર્તિનું શરીર વાઘના પંજામાં ફસાયેલા હરણની જેમ તરફડિયાં મારવા લાગે છે, પણ હું એના શરીરને વેતરતો, છોલતો લોહીલુહાણ કરતો રહું છું.

હું પૉર્ન વિડિયોમાં જોયેલો વાઇલ્ડ પુરુષ બની ગયો છું. કીર્તિ મારી ભીંસમાંથી છૂટવા મારા શરીરને નહોરિયાં ભરી રહી છે. એની આંખો, નાક, કાન અને આખો ચહેરો લાલઘૂમ થઈ ગયાં છે. એના હોઠથી લઈને આખું શરીર કોઈ જંગલી પશુની માફક મેં કરડી ખાધું હોય એ રીતે ઘાયલ થયું છે. એની લાલાશ પકડેલી આંખોમાંથી ઊનાં ઊનાં આંસુ નીકળીને ઓશીકામાં લપાઈ રહ્યાં છે. શરૂ શરૂમાં આવતા કીર્તિના ઊંહકારા એકાએક પીડાની ચીસમાં પલટાઈ ગયા છે. હું પોતાના આકરા પંજાથી એના ચહેરાને દબાવી દઉં છું.

પીડાની વધુ એક તીવ્ર ચીસ રોમૅન્ટિક ઇન્સ્ટ્રુમેન્ટલ મ્યુઝિકને દાબી દે છે. પસીનાથી ઊઠેલી વાસ ઍરફ્રેશનરની સુંગધને ચીરી નાખે છે. હવસનો કાળો ચહેરો ટમટમ થતા દીવા ઓલવી નાખે છે. કપાયેલી ગરોળીની પૂંછડીની જેમ હાથપગ પછાડી એ શરીર દાઝી ગયેલા રોટલાની જેમ કાળું થઈ પડે છે. વ્યવસ્થિત સજાવેલા હનીમૂન સ્પેશિયલ રૂમની ફર્શ પર, બેડ પર અવ્યવસ્થાના ભાગરૂપે મોંઘાદાટ કપડાં અનાથની જેમ પડ્યાં રહે છે.

પોતાની હિંસક તરસને છિપાવી દીધા પછી હું ઊભો થાઉં છું અને બેડ પર લસ્ત થઈને પડેલા શરીરને જોઉં છું. હા, ફક્ત શરીરને - જેનો હવે કોઈ ચહેરો નથી...

■

# તું મારો સાથ આપીશ?

દરિયાકિનારાની કવોષ્ણ રેત ઉપર તગતગી રહેલી હવાના આવરણમાં કેટલાય પ્રેમાલાપના અવશેષો તરવરતા જોઈને દરિયો નિસાસો નાખતો, એના નિસાસાથી એના પર ઝૂકી આવેલા આકાશના કેટલાય તારાઓ ડરના માર્યા વાદળોની પાછળ છુપાઈ જતા. એક સમય હતો જ્યારે આ દરિયો ઊછળી ઊછળીને એ પ્રેમાલાપમાં મદમસ્ત લોકો સમક્ષ પોતાનો અહોભાવ પ્રકટ કરતો, ત્યારે આથમતો સૂરજ પોતાની લાલિમા વેરીને દરિયાના પાણીનો કસુંબો બનાવતો. એ કસુંબાની સીકરો ઊછળીને પ્રેમીયુગલની આંખોમાં રચાયેલા સ્વપ્નમહેલને રંગતી. દૂર દૂરથી પક્ષીઓનાં ટોળાંઓ આ સ્વપ્નમહેલની મુલાકાતે આવતાં ત્યારે એમના ટહુકાઓના પડઘા મહેલને ખૂણેખૂણે પડતા. પણ આ સ્વપ્નમહેલની આવરદા ટૂંકી રહેતી. ખબર પણ ન પડે એવી કો'ક ગોઝારી ક્ષણે એનો વિધ્વંસ થઈ જતો અને દરિયાના ભાગે એ સ્વપ્નમહેલની ભસ્મરાખ આવતી ત્યારે દરિયાને પોતાની જાત સમેટીને પાતાળમાં પ્રવેશી જવાનું મન થઈ આવતું.

પણ છેલ્લાં બે વરસથી એક યુગલ આ દરિયાકિનારે આવતું. આ યુગલની ખાસિયત એવી હતી કે તે કશાય પ્રેમાલાપ વિના, એકેય શબ્દની આપ-લે કર્યા વિના ફક્ત હાથમાં હાથ નાખી, ખભે માથું ઢાળી અહીં બેસવા આવતું. શરૂશરૂમાં તો તેમનું આવવું, હાથમાં હાથ ભેરવી બેસી રહેવું, એકમેકની આંખોમાં જોવું અને થોડી વાર બેસી નીકળી જવું દરિયાને સામાન્ય લાગ્યું, પણ પછી ખબર પડવા લાગી કે એ યુગલના જવાની સાથે જ ત્યાંની આબોહવામાં શૂન્યતા પ્રસરી જતી. પ્રેમાલાપના વર્ષોથી લટકી રહેલા અવશેષો ખરી પડતા

અને અંધકારનો રાક્ષસ એને ગળી જતો. હવાની સપાટી સ્વચ્છ થઈ ઊઠતી અને પવન એના પર સેલારા મારતો દૂર નીકળી જતો.

ઉદાસ દરિયાને, આથમતા સૂરજને, ઝૂકી આવેલા આકાશને, ગભરાયેલા તારાને, કંપી રહેલા પવનને બધાને આશ્ચર્ય થતું એવો કેવો શબ્દવિહીન, સંકેતવિહીન, ભાવવિહીન છતાંય કશાયથી સભર એવો મૂકસંવાદ એ પ્રેમીયુગલ વચ્ચે થયા કરતો, જે આસપાસની વસ્તુસ્થિતિને પોતાના હળવા સ્પર્શથી નવાં પરિમાણ આપી રહ્યો હતો.

પછી તો આ નિત્યક્રમ બનતો ગયો.

દરિયો તેમના મૂકસંવાદને પામી શકતો નહીં અને એ કિનારા લગી આવીને ફીણ ફીણ થઈ જતો. આથમતો સૂરજ પણ ખાલી હાથે આથમતો. પવન બેચેન થઈ આમતેમ અફળાયા કરતો અને આકાશના રંગો અંધારાની કાળાશમાં સમાઈ જતા.

એવા જ એક સંધ્યાથી રાત્રિ તરફ વહી આવતા સંધિટાણે એ યુગલ મૌનપણે દરિયાની રેતીમાં આવીને બેઠું. આથમતી સાંજના કેસરિયા રંગની સાક્ષીએ, દરિયાનો વિશાળ પટ અસ્ફુટ શબ્દોના રંગોને ધારણ કરીને, ક્ષિતિજ પર તોળાઈ રહેલા સૂરજને મૌન રહેવાનો ઇશારો કરતો હતો ત્યારે એમની સાંકેતિક ભાષાને ચાંચમાં પકડીને દૂર ઊડી રહેલા પંખીને જોતાં ત્યાં બેઠેલા એ છોકરાએ પોતાનું વર્ષોજૂનું મૌન તોડતાં બાજુમાં બેઠેલી છોકરીને પૂછ્યું:

- જ્યારે સમયનું ચક્ર એની ધરી પરથી છૂટું પડી જશે અને આપણે સમયવિહીનતાના ચકડોળે ચઢી જઈશુ અને મારો શ્વાસ અધ્ધર થઈ જશે ત્યારે તું મારો સાથ આપીશ?

- વર્ષોથી બળતા સૂરજનો ગોળો થીજી જાય અને તને પામવાની કોઈ એકાદ ક્ષણને હું ચૂકી જાઉં ત્યારે તું મારો સાથ આપીશ?

- વૃક્ષમાં આડેધડ ફેલાયેલી શિખાઓના કોઈ છેડે બનાવેલા માળામાં, આપણા બેઉની પાંખો પાંદડાની જેમ માળા બહાર લટકશે ત્યારે તું મારો સાથ આપીશ?

- જયારે ભાષામાંથી અક્ષર, આકાશમાંથી ચંદ્ર, છીપમાંથી મોતી, નદીમાંથી વહેણ અને આપણા વચ્ચે રેણ નહીં રહે ત્યારે તું મારો સાથ આપીશ?

-પડછાયાના વિખરાયેલા છેલ્લા અંશોને અંધારું ભરખી જાય એ પહેલાંની તદ્દન નાજુક ક્ષણોમાં ધીમે ધીમે ઓગળી રહેલા મારા હોવાપણામાં તું મારો સાથ આપીશ?

- પાંદડામાંથી ટપ ટપ ટપકીને નીતરી જતી લીલાશના અંતિમ તબક્કાની ભીનાશ વચ્ચે ગળે મળીને તું મારો સાથ આપીશ?

- ગુલામીની સાંકળ મારામાંથી રોજ પર્યાપ્ત માત્રામાં રહેલો જીવનરસ ચૂસી જાય અને બચેલા સમયના તાંતણા ભેગા કરતો હું ઘરે આવું ત્યારે તું મારો સાથ આપીશ?

- ગુલમહોરની કેસરી જ્વાળાઓ સમી નીકળેલી મારી સરવાણીના કાંઠે બેસીને, તારાં ગરમાળાનાં પીળાં ઝૂમખાંનો છાંયો પાથરતાં તું મારો સાથ આપીશ?

-અણી કાઢેલા શબ્દોની ધાર પર દોરી બાંધીને નાચતાં નટ-નટીની માફક ઝૂલતાં આપણે એકમેકને આહત કર્યા વિના બીજા છેડે પહોંચવાનો પ્રયત્ન કરતાં હોઈશું ત્યારે તું મારો સાથ આપીશ?

- અક્ષુણ્ણ પસાર થતી સમયધારામાં આવી પડેલી તિરાડના તીક્ષ્ણ ખૂણાઓથી લોહીલુહાણ થતા હૃદયને પસવારીને ઘા રુઝાવી દેવા તું મારો સાથ આપીશ?

- અંધારા ખૂણામાંથી નીકળીને રૂની જેમ હવામાં મહાલતો કોઈ આગિયો મારા શરીરે ચોંટીને ચાઠું બની જાય ત્યારે એ ચાઠાની સાથે જીવવામાં તું મારો સાથ આપીશ?

આટલું કહીને એણે પોતાનો હાથ છોકરી તરફ લંબાવ્યો.

વર્ષોથી મૌનના સીમાડે વાટ જોતા શબ્દોને જ્યારે માર્ગ મળતો જોયો ત્યારે દરિયાએ પોતાની ચંચળતાને દાબી દીધી. સૂરજ આથમવાની છેલ્લી ક્ષણોને પાછી ઠેલવવા મથી રહ્યો. શૂન્યતાની પોકળતામાં પવને પ્રવેશ કરીને ઝીણા સંગીતના સૂર છેડ્યા. અંધારાના મુખમાં પ્રવેશી ચૂકેલા રંગોએ પોતાના પગ પસાર્યા અને એના પ્રસરણથી આકાશના શરીર પર અણઘડ ચિતરામણ થયું.

બધાના પૂર્વનિયોજિત ક્રમોમાં ગાબડું પડ્યું અને હવામાં તરતા પેલા તરલ

પ્રશ્નોના હાથ આધાર શોધવા લંબાયા. એ પ્રશ્નોના પૂંછડે બીજા ઘણા નાના નાના પ્રશ્નોની લડીઓ લટકતી હતી. એ પ્રશ્નોના હાથ આધાર શોધતાં શોધતાં દરિયાનો પરિઘ ફરી વળ્યા, સૂરજના ગોળાની ગરમીમાં હાથ ઝબોળી આવ્યા, શૂન્યતાના અસીમ પથ પર દોડી આવ્યા, પવનનો તંતુ ઝાલીને ઝૂલ્યા, ચંદ્રની શીળી ચાંદની પરથી લસર્યા, અંધકારની ગુફાને રગદોળી આવ્યા અને છેલ્લે છોકરીની આંખોમાં ખડકાતા ગયા.

પ્રશ્નોના એ ઢગલાએ છોકરીની આંખોને ભારથી લાદી દીધી. એ આંખોએ ક્ષિતિજને ભેદીને કોઈ બીજા જ પ્રદેશમાં રચેલી સૃષ્ટિ ધૂંધળી પડવા લાગી. પ્રશ્નો ખડકલો વધતો જ જતો હતો અને છોકરીની દૃષ્ટિસીમાને આંબવા લાગ્યો હતો. આ પ્રશ્નોએ એના શરીરમાં કંપન ઊભું કર્યું. આ કંપનને પોતાના શરીરની બહાર કાઢી મૂકવા એણે ઠંડી રેતીમાં પોતાનો હાથ ફેરવ્યો. એની નજર ધીરે ધીરે ક્ષિતિજ પારના પ્રદેશમાંથી પાછી ફરી.

થોડા સમય માટે બંને વચ્ચે ઘટ્ટ મૌનનું પારદર્શક આવરણ પથરાઈ ગયું.

છોકરાએ આંખો મીંચી દીધી હતી, કદાચ એ પોતાની આંખોને છોકરીના જવાબ સાથે મેળવવા માગતો નહોતો. એની બંધ આંખોના પડદા પર બંનેની મુલાકાતોના પ્રસંગો ઊપસવા લાગ્યા. પ્રેમસભર એ વર્તમાન ક્ષણોને જીવતા અનુભવેલો રોમાંચ વાગોળવા લાગ્યો. એ મધુર ક્ષણોના અર્ક જેવું કોઈ અમૃત એના શરીરમાં પ્રસરવા લાગ્યું. પોતે પૂછેલા પ્રશ્નોનો ભાર એની અંદરથી ક્ષીણ થવા લાગ્યો.

છોકરીની ધૂંધળી પડી ગયેલી નજર પેલા પ્રશ્નો સાથે અથડાઈ, પેલા પ્રશ્નોની જટિલતાથી બટકાઈને એના ચૂરા થઈ ગયા, જે ત્યાંની ઠંડી, સુંવાળી રેતીમાં ભળી ગયા. રેતીમાં ફરતો એનો હાથ અટકી ગયો અને મૌનનું પેલું ઘટ્ટ આવરણ એને વીંટળાઈ વળ્યું. છોકરીનો શ્વાસ રૂંધાવા લાગ્યો. એ કંઈક બોલી જે છોકરાની બંધ આંખોને ભેદી શક્યું નહીં. એ પોતાના શબ્દોની પાયમાલી જોતી રહી.

છોકરાના પેલા લંબાયેલા હાથના ખોબામાં દરિયાનું પાણી ઘૂમરી ખાતું આવી ચઢ્યું. દરિયો આખો એના ખોબામાં ઠલવાઈને ઉછાળા મારવા લાગ્યો. છોકરીએ જોયું તો એના ખોબામાં રહેલા દરિયામાં એમણે વિતાવેલી નાજુક

ક્ષણોનાં સ્મરણો વમળે ચઢ્યાં હતાં. પોતે રચેલો પ્રદેશ દ્વારકાની જેમ ખોબાના દરિયામાં સમાઈ રહ્યો હતો. પ્રશ્નોનો એ ખડકલો પેલા પ્રદેશને વધુ ને વધુ વજનદાર બનાવી રહ્યો હતો, જેથી ઝડપથી એ પ્રદેશ દરિયામાં સમાઈ ગયો. પણ પેલા પ્રશ્નોના લીરા હજુયે દરિયાની સપાટી પર તરી રહ્યા હતા.

અત્યાર સુધી સ્થિરતાની ચાદર ઓઢીને પડેલો એનો અસબાબ એકાએક વંટોળના હવાલે થઈ ગયો હતો. અને પોતે મૌનના ઘટ્ટ પારદર્શક આવરણમાં સંકોચાતી જતી હતી.

હવે વધુ સમય ગૂંગળામણમાં કાઢી શકાય એમ નહોતો. એ ઝટકા સાથે ઊભી થઈ અને એની સાથે જ સુંવાળા સમયની ચાદર સરી પડી, પોતાની બટકાઈ ગયેલી નજરના ઝીણા કણો રેતીમાં તગતગી રહ્યા. પોતાની નજરને ત્યાં જ પડી રહેલી મૂકીને એ ઊંધી ફરી ચાલવા લાગી. એના દુપટ્ટાના હળવા સ્પર્શથી છોકરાનો લંબાયેલો હાથ રેતીની જેમ સરી પડ્યો અને એના ખોબામાં વમળે ચઢેલો દરિયો ઢોળાઈને બંને વચ્ચે પથરાઈ ગયો.

છોકરાનું આખેઆખું અસ્તિત્વ ઝીણી રેત બનીને દરિયાકિનારે પડી રહ્યું. છોકરીના ચાલી જવાથી પડી ભાંગેલા સૂક્ષ્મ પ્રેમની ઝીણી કરચો દરિયાને લોહીલુહાણ કરવા લાગી. સીતાની જેમ આહત થયેલો દરિયો પોતાના પટને ખોદવા લાગ્યો. પવન, આકાશ અને અંધારું દરિયાની આ હાલત જોઈ શક્યાં નહીં અને પોતાની પૂરેપૂરી તાકાત લગાવી દરિયાને ઠેઠ પાતાળમાં દાબી દીધો. બીજા દિવસે સૂરજ ઊગ્યો ત્યારે દરિયાની જગ્યાએ ફેલાયેલી રેતમાં અસંખ્ય એકતરફી પ્રેમથી આહત થયેલી આંખો કોઈ છીપલાની જેમ પડી હતી.

*('એતદ', ડિસેમ્બર, ૨૦૨૨)*